# ખેડબ્રહ્મામાં આગીયા મોડેલ સ્કૂલને વાલીઓની તાળાબંધી

ખેડબ્રહ્મા, તા. ૪

ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામમાં આવેલી મોડેલ સ્કૂલમાં ધો. ૬ થી ૧૦માં હિન્દી-ગણિત અને સંસ્કૃતના શિક્ષકોના અભાવે વિદ્યાર્થીઓના ભણતર ઉપર માઠી અસર થઈ રહી છે. આચાર્યની જગ્યા પણ ખાલી હોવાથી ઈન્ચાર્જ આચાર્યથી સ્કૂલ ચાલે છે. વિદ્યાર્થીઓના ભણતરની કાળજી લેવા સરકાર દ્વારા કોઈ પગલાં લેવામાં આવતા નથી. શનિવારે વિદ્યાર્થીઓના વાલીઓએ ના છુટકે સ્કૂલને તાળાબંધી કરી હતી. પણ સમજાવટ પછી તાળા ખોલી નાખવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓના વાલીઓએ આ શિક્ષકોની ખાલી જગ્યા સત્વરે

## ગણિત, સંસ્કૃત અને હિન્દીના શિક્ષકો જ નથી

સંચાલિત આગીયા મોડેલ સ્કૂલમાં ૬ થી ૧૨ ધોરણમાં ૩૩૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. પણ નવા સત્રથી આ સ્કૂલમાં હિન્દી ગણિત અને વિદ્યાર્થીઓના વાલીઓ રાજેન્દ્રસિંહ દેવડા, મહેન્દ્રસિંહ ખટાણા, મુકેશભાઈ પટેલ, લીયાકત મનસુરી, મનુભાઈ સેનવા તથા કોદરભાઈ પેટનું પાણી હાલતુ નથી. મોડેલ સ્કૂલમાં આદિવાસી વિદ્યાર્થીઓ સહીત ૩૩૦ વિદ્યાર્થીઓનું ભવિષ્ય બગડતુ હોવાથી ના છુટકે શનિવારના રોજ ૨૦૦ કરતા વધુ વાલીઓએ સ્કૂલને તાળાબંધી કરી હતી. પણ સમજાવટ પછી તાળા ખોલી નાખવામાં આવ્યા હતા.

લાખો રૂપિયાના ખર્ચે ભરતી કરવામાં નહી આવે તો પુનઃ તાળાબંધીનો કાર્યક્રમ આપવામાં આવશે અને વિદ્યાર્થીઓને સ્કૂલમાં નહી મોકલવાની વાલીઓએ ચિમકી ઉચ્ચારી હતી.

આ અંગે સ્કૂલના ઈન્ચાર્જ આચાર્ય સંજયભાઈ પટેલે જણાવ્યુ હતુ કે નવા સત્રમાં સંસ્કૃત, ગણિતના શિક્ષકોની ભરતી કરવામાં આવી






વિદ્યાર્થીઓના વાલીઓએ શિક્ષકોની ભરતી કરવા વારંવાર સક્ષમ અધિકારીઓને લેખિતમાં જાણ કરી હોવા છતાં આદિવાસી ગમાર સહીતના વાલીઓના જણાવ્યા અનુસાર આ ત્રણ વિષયના શિક્ષકોની ભરતી કરવા સરકારમાં વારંવાર લેખિત રજુઆત કરવા છતાં સરકારના ભરવામાં નહી આવે તો પુનઃ તાળાબંધી કરી બાળકોને સ્કૂલમાં ન મોકલવાની ચીમકી ઉચ્ચારી છે.

ખેડબ્રહ્મા પ્રાયોજના કચેરી બનાવવામાં આવેલ મોડેલ સ્કૂલમાં રેગ્યુલર આચાર્ય પણ નથી જેથી ઈન્ચાર્જ આચાર્યથી સ્કૂલ ચાલે છે. આ ત્રણ વિષયના શિક્ષકોની સત્વરે સંસ્કૃતના શિક્ષકોની ભરતી જ કરવામાં આવી નથી. જેથી આ વિષયના વિદ્યાર્થીઓના ભણતર ઉપર માઠી અસર થઈ રહી છે. મોડેલ સ્કૂલના નથી. હિન્દી વિષયના શિક્ષીકાબેનની ભરતી કરી છે પણ તે આવતા જ નથી. આ અંગે સરકારમાં જાણ કરવામાં આવી છે.

# ધાનેરામાં પૂજા સીટી સ્કેન સેન્ટરમાં સીલ મરાયું

## જોરાપુરા ગામના બોગસ તબીબને પણ સીલ મારે તેવી લોક માંગ

ધાનેરા આરોગ્ય વિભાગ ની ટિમ દ્વારા પૂજા સીટી સ્કેન સેન્ટર



માં તાપસ હાથ ધરી હતી અને આ સીટી સ્કેન ગેરકાયદેસર માલુમ પડતા આરોગ્ય વિભાગે સીલ મારી ચાર દિવસ ખુલાશો માંગ્યો છે.

દિન પ્રતિદિન ગેરકાયદેસર દવાખાના સીટીસ્કેન ના ગોરખ ધંધામાં વધારો જોવા મળી રહ્યો છે ત્યારે આજે ધાનેરા આરોગ્ય ની ટિમ ને ખાનગી રહે બાતમી મળેલી કે ધાનેરા પેટ્રોલ પમ્પ ની બાજુમાં પૂજા મલ્ટી સ્લાઈસ સીટી સ્કેન ગેર કાયદેસર ચાલી રહ્યું છે ત્યારે આજે ધાનેરા તાલુકા હેલ્થ ઓફિસર સહીત ની ટિમ ધ્વરા આ જગ્યા ઉપર દરોડા પાડવામાં આવ્યો હતા અને અને કલાકો સુધી તાપસ ચાલુ રાખી હતી તાપસ બાદ આ સીટી સ્કેન ગેરકાયદેસર માલુમ પડતા સીલ માર્યો હતો અને ચાર દિવસ માં ખુલાશો માંગ્યો છે. ધાનેરા આરોગ્ય વિભાગ ના દરોડા ને લઈ ગોરખ ધંધા કરતા લોકોમાં ભારે ફફડાટ મચી જવા પામ્યો છે ત્યારે લોકો ઈચ્છી રહ્યા છે કે ધાનેરા તાલુકા ના જોરાપુરા ગામે પણ એક ડોક્ટર ગેરકાયદેસર દવાખાનું ચલાવી રહ્યો છે તો તાત્કાલિક તેની સામે પણ તાપસ કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

# શામળાજી એકલવ્ય મોડેલ રેસીડેન્સી સ્કૂલના રસોડામાં અસહ્ય ગંદકી અને અખાદ્ય જથ્થો વિદ્યાર્થિનીઓનું બીમારીનું ઘર

## જીલ્લા કલેક્ટરે સ્કૂલ સંચાલક અને રસોડાના કોન્ટ્રાક્ટરને સ્વચ્છતા અંગે નોટિસ આપી

શામળાજી, તા. ૪

અરવલ્લી જીલ્લાના શામળાજી નજીક આવેલી એકલવ્ય મોડેલ રેસીડેન્સી શાળામાં ૧૧



વિદ્યાર્થીનીઓને ફૂડ પોઈઝનિંગની અસર થતા તંત્ર હરકતમાં આવી ગયું હતું. આદિવાસી સમાજના બાળકોના સર્વાંગી વિકાસ માટે આદિજાતિ વિભાગના સંકલનમાં પ્રાયોજના વહીવટદાર હસ્તક એકલવ્ય મોડેલ રેસીડેન્સી શાળાઓ દરેક જિલ્લામાં આવેલી છે. ભિલોડા તાલુકાના શામળાજી નજીક આવેલી એકલવ્ય મોડેલ રેસીડેન્સી શાળામાં પ્રાયોજના વહીવટદારની દેખરેખ હેઠળ સંચાલન કરવામાં આવે છે. ૧૪ લાખ રૂપિયા જેટલી માતબર રકમ વિદ્યાર્થીઓના ભોજન માટે દર મહિને સરકાર ગ્રાન્ટ આપતી હોવા છતાં વિદ્યાર્થીઓને અધિકારીઓની મિલીભગતના લીધે હલકી કક્ષાનું ભોજન પીરસવામાં આવતું હોવાના આક્ષેપ વિદ્યાર્થીનીઓ દ્વારા અગાઉ અનેક વખત કરવામાં આવ્યા હતા. વર્ષે દહાડે લાખ્ખો રૂપિયા સરકાર બાળકોને આદર્શ ભોજન માટે ખર્ચવા છતાં બાળકોને પૌષ્ટિક





આહારના બદલે નિમ્નકક્ષાનો પશુઓ પણ ના સૂંઘે તેવો ખોરાક આપવામાં આવતો હોય તેવા દ્રશ્યો શાળામાં રૂબરૂ મુલાકાત લેતા જોવા મળ્યા હતા. આ અંગે જીલ્લા વહીવટીતંત્ર શખ્ત કાર્યવાહી હાથ ધરાતા સ્કૂલ સંચાલકો અને રસોડાના કોન્ટ્રાક્ટર દ્વારા સમગ્ર પ્રકરણમાં ઢાંક પીછોડો કરવા મથામણ કરી રહ્યા છે. એકલવ્ય મોડેલ રેસીડેન્સી સ્કૂલના દેખરેખ કરનાર પ્રયોજના વહીવટદાર કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓની મીલીભગતથી રસોડાના કોન્ટ્રાક્ટર વિદ્યાર્થીનીઓ સાથે અન્યાય કરી રહ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

શામળાજી નજીક આવેલી એકલવ્ય મોડેલ રેસીડેન્સી શાળામાં સરકાર દ્વારા મહિને ફૂડબિલ પેટે અધધ ૧૪ લાખ રૂપિયા કોન્ટ્રાક એજન્સીને પુરા પડે છે. સ્કૂલના રસોડાની પત્રકારોની ટીમે રૂબરૂ મુલાકાત કરતા રસોડામાં અસહ્ય ગંદકી સહીત અખાદ્ય જથ્થો, કોહવાઈ ગયેલી શાકભાજી, સડેલા બટાકા, રોટલી માટે બંધાતા લોટમાંથી મરેલી માખીઓ અને ફ્રિજમાં દૂધની બનાવટમાં જીવડાં પડ્યા હોવાના દ્રશ્યો જોવા મળ્યા હતા. વિદ્યાર્થીનીઓને ભોજન કરવા માટે યોગ્ય વ્યવસ્થા ન હોવાની સાથે ગંદકીમાં ભોજન કરવા મજબુર હોવાના દ્રશ્યો નજરે પડ્યા હતા. ૧૧ વિદ્યાર્થીનીઓ હજુ પણ ફૂડ પોઈઝનિંગની અસર હેઠળ હોવાની સાથે અભ્યાસથી દૂર રહેવા મજબુર બની હતી.



**મોડાસાના કુડોલ (ઘાંટા) નજીક ઓવરટેઇકની લાહ્યમાં રીક્ષાઓ અથડાતા ૧નું મોત**

મોડાસા તાલુકાના ટીંટોઈ નજીક આવેલા કુડોલ (ઘાંટા) ગામે મુસાફરો ભરવાની લાહ્યમાં રીક્ષા ચાલકે બીજી રિક્ષાને ઓવર ટેઈક કરવા જતા સામેથી કાર ધસી આવતા અકસ્માતથી બચવા બ્રેક મારતા પાછળ આવતી રિક્ષાની ટક્કરે રીક્ષા પલટી જતા રીક્ષા ડ્રાઈવર રીક્ષા નીચે દબાઈ જતા કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. રિક્ષામાં સવાર ૪ વિદ્યાર્થીઓના શરીરે ઈજાઓ પહોંચતા શામળાજી સારવાર અર્થે ખસેડાયા હતા. અકસ્માતના પગલે મોડાસા રૂરલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતકનો મૃતદેહ પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. રિક્ષામાં બેસી બાળકો ટીંટોઈ શાળાએ જતા સવારે બનેલ ઘટનાથી લોકોના ટોળેટોળા ઘટનસ્થળે ઉમટ્યા હતા.

# ધાનેરા મિશ્ર શાળા નં-૧ માં વાલીઓ તાળાબંધી કરવા પહોંચ્યા

## બાળકોનું શિક્ષણ ન બગાડે તે માટે શાળાના આચાર્યએ લોકો સમજાવી પરત મોકલ્યા : શાળા ને તાળા મારવા હોય તો વાલીઓ તાળા મારી નાખે : જિલ્લા શિક્ષણ અધિકારીઓનો ઉડાઉ જવાબ

૨૦૧૭ માં આવેલ ભયાનક પૂર ને લઈ ધાનેરા ની મિશ્ર શાળા ન ૧ ની પ્રોટેક્શન દીવાલ તેમજ શાળા ની પ્રોટેકશન દીવાલ પણ તૂટી ગઈ હતી અને શાળા માં શોચલાય પણ નાશ પામ્યું હતું તે અને દારૂડિયા તત્વો રાત્રે શાળા માં દારૂ ની મહેફિલ માને છે અને તે બાદ શાળા માં સોચક્રીયા પણ શાળા માં તાલાબંધી કરવા પહોંચ્યા હતા

શાળા ના આચાર્ય અને બે ત્રણ દિવસ માં કામ ચાલુ પણ થઈ જશે અને જો વાલીઓ ને શાળા માં તાળા બંધી કરવી હોય





શાળા ને અન્ય નુકશાન થયું હતું અને તે બાબતે આજ દિવસ સુધી તંત્ર દવરા કોઈ જ કામગીરી ન કરતા બનાસકાંઠા જિલ્લા ની ધાનેરા મા આવેલી મિશ્ર શાળા ન ૧ માં આજે વાલીઓ એ હોબળો મચાવ્યો હતો અને શાળા ને તાળા બંધી કરવાની કોશિશ કરી હતી પરંતુ શાળા ના આચાર્યએ વાલીઓ ને સમજાવતા મામલો થાળે પડ્યો હતો

જ્યારે ધાનેરા પુર આવ્યું ત્યારે ધાનેરા મિશ્ર શાળા ન૧ પુર માં ગરકાવ હતી અને પુર ને લઈ સિવાય શાળા ને અન્ય નુકશાન પકન થયું હતું પરંતુ આજે એ સમય વીત્યા ને ૧૨ મહિના કરતા પકન વધુ નો સમય વીત્યો છે છતાં પણ કોઈજ કામગીરી ન થતા વાલીઓ નો રોષ ભભૂકી ઉઠ્યો હતો આજે આ શાળા માં કોઈ સુવિધા ન હોવાથી બાળકો ના ભવિષ્ય સામે પણ ભારે જોખમ જોવા મળી રહ્યું છે તો બીજી તરફ શાળા ની આજુ બાજુ પ્રોટેકશન દીવાલ ન હોવાથી અક શાળા રાત પડે દારૂ નો અડ્ડો બની જાય છે કરે છે ત્યારે સવાર માં શાળા એ આવતા બાળકો ને પહેલા તો દારૂ ની ખાલી બોટલો વિણવી પડે છે અને તે બાદ ગંદકી ની સફાઈ કર્યા બાદ બાળકો નો અભ્યાસ ચાલુ થાય છે દરરોજ ની આ કામગીરી થી બાળકો ને ભાવિ સામે ભારે ખતરો દેખાઈ રહ્યો છે ત્યારે આ બાબતે વાલીઓ તેમજ શાળા ના સ્ટાફ દવરા સરકાર ને વારંવાર રજુઆત કરી છે છતાં પણ આજ દિવસ સુધી કોઈજ કામ ચાલુ ન થતા વાલીઓ ઉશ્કેરાયા હતા અને ગૌરવાભાઈ સોલંકીએ વાલીઓને સમજાવ્યા હતા અને બાળકો નું ભણતર ન બગડે તે માટે શાળા ને તાલાબંધી કરતા અટકાવ્યા હતા અને આ બાબતે ફરીથી ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવાની ખાતરી આપી હતી આ બાબતે અમારી ટિમ દ્વારા બનાસકાંઠા જિલ્લા શિક્ષણ અધિકારી નો ટેલિફોનિક સંપર્ક કરતા જિલ્લા શિક્ષણ અધિકારી દિપક દરજીએ ઉડાઉ જવાબ આપતા જણાવ્યું હતું કે શાળા નું કામ મંજુર થઈ ગયું છે તો કરી કરી નાખે અમારે પણ બીજા જોડે કામ કરવાનું છે અમે એજન્સી વાળા ને પૈસા આપી દીધા છેએ. એ બે ત્રણ દિવસ માં કામ ચાલુ થઈ જશે તમે પણ સાંભળ્યું ને કે જિલ્લા શિક્ષણ અધિકારીએ કેવો જવાબ આપ્યો જ્યારે ધાનેરા માં પુર આવ્યું ત્યારે રાજ્ય ના મુખ્યમંત્રી સહિત અનેક રાજકીય લોકો આવ્યા હતા અને ધાનેરા વાસીઓ ને મોટામોટા વચનો આપ્યા હતા પરંતુ આજે એ વચનો પોકળ સાબિત થઈ રહ્યા છે.

# સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન પદે મહેશભાઈ પટેલ બિનહરીફ

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં ૧૩૫ શાખાઓ અને ૩૧૦૦ કરોડથી વધુ ટર્નઓવર ધરાવતી અને ખેડૂતોની આર્થિક જીવાદોરી સમાન ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.ની શનિવારે બેંકના સભાખંડમાં અધ્યાસી અધિકારી નાયબ કલેકટર ઈડરની



અધ્યક્ષતામાં યોજાયેલી ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણીમાં ગુજરાતમાં સહકારી ક્ષેત્રમાં આગવું સ્થાન ધરાવતા મહેશભાઈ અમીચંદભાઈ પટેલની પુનઃ ચેરમેન તરીકે અને વાઈસ ચેરમેન તરીકે રાજેન્દ્રસિંહ ભાટીની બિનહરીફ સર્વાનુમતે વરણી કરવામાં આવતા બંને જીલ્લામાં લોકો, ખેડૂતો સહીત સહકારી અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર જિલ્લામાંથી મોટી સંખ્યામાં અગ્રણીઓ અને શુભેચ્છકો ઉપસ્થિત રહી પુષ્પમાળાઓ અને બુકે આપી સન્માનિત કરવા લાંબી હરોળ જામી હતી.

ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક.લી.ના ચેરમેન તરીકે કુનેહપૂર્વકના વહીવટના પગલે સતત પ્રગતિશીલ બનતા અને બંને જિલ્લાના ખેડૂતો માટે આર્થિક આશીર્વાદ રૂપ બની હતી. જનધન યોજના અને અટલ પેન્શન યોજનામાં સમગ્ર દેશમાં ઉત્કૃષ્ઠ દેખાવ બદલ મહેશભાઈ પટેલને રાષ્ટ્રકક્ષાએ એવોર્ડ પ્રાપ્ત થયા હતા. બેંકના ડિરેકટરોએ તેમની પર પુનઃ ચેરમેન પદ માટે નિયુક્ત કરી બેંકની ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છા પાઠવી હતી.

# અરવલ્લી એલસીબી પોલીસે વોટડા ટોલપ્લાઝા નજીકથી ૯૫ હજારનો વિદેશી દારૂ ઝડપ્યો

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લા પોલીસવડા તરીકે મયુર પાટીલે ચાર્જ સંભાળતાની સાથે જ જાણે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની અમલવારી કરાવવા પોલીસતંત્ર અધીરી બની હોય તેમ સતત સક્રિય બનતા જિલ્લામાં બેખોફ બનેલ અસામાજીક તત્વો અને બુટલેગરો સહીત દારૂ-જુગારના અડ્ડાવાળાઓ હવામાં ઓગળી ગયા હોય તેમ અદ્રશ્ય બની ગયા છે. જિલ્લા એલસીબી પોલીસે વોટડા ટોલ પ્લાઝા નજીકથી ઈકો કારમાંથી ૯૫,૬૦૦ રૂ.નો વિદેશી દારૂ ઝડપી પાડી ૨ શખ્સોને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# બાયડ પાલિકાના સફાઈ કામદાર પર અસામાજિક તત્વોએ માર મારી હુમલો કરતા ચકચાર

બાયડ, તા. ૪

બાયડ નગરપાલિકામાં નોકરી કરતા વાલ્મિકી સમાજના સફાઈ કામદાર કૃષ્ણકાન્ત જગદીશભાઈ સોલંકી પર બાયડની સોસાયટી વિસ્તારમાં એક શખ્સે અન્ય વ્યક્તિ સાથે મળી અગમ્યકારણોસર હુમલો કરતા



અને કચરો એકઠો કરતા વાહનમાં તોડફોડ કરતા ચકચાર મચી હતી સફાઈ કામદાર પર એકાએક હુમલાની ઘટનાથી સફાઈકામદારો એકઠા થઈ ગયા હતા અને કામકાજ બંધ કરી નગરપાલિકા કચેરીએ દોડી આવ્યા હતા. સફાઈ કામદાર પર હુમલાના પગલે વાલ્મિકી સમાજ ગુજરાતના અગ્રણી લાલજી ભગત સહીત અગ્રણીઓ દોડી આવ્યા હતા અને ચીફ ઓફિસરને રજુઆત કરતા ચીફ ઓફિસરે હુમલો કરનાર શખ્સો સામે કડક પગલાં ભરવામાં આવશે જણાવતા મામલો થાળે પડ્યો હતો. સફાઈ કામદારો અને અગ્રણીઓ મોટી સંખ્યામાં બાયડ પોલીસ સ્ટેશને ફરિયાદ આપવા પહોંચતા પોલીસે ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી હતી.

# પ્રાંતિજ પોલીસે જુગાર રમતા ૬ નબીરાઓને ઝડપ્યા

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તખતગઢ સીમમાં જુગાર રમતા છ જુગારીઓને ૩૨,૮૦૦ના મુદ્દામાલ સાથે પ્રાંતિજ પોલીસે પકડી પાડ્યા હતા. પ્રાંતિજ પોલીસ પીએસાઇ એમ.બી ગજ્જર તથા પોલીસ કોન્સ્ટેબલ કિરીટસિંહ, ભરતસિંહ, જગદિશસિંહ સહિતની ટીમ પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન બાતમી મળતાં પ્રાંતિજ તાલુકાના તખતગઢ ગામની સીમમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમાતો હોય પ્રાંતિજ પીએસાઇ ગજ્જર દ્વારા પોલીસ ટીમ સાથે રેડ કરતાં જુગાર રમતા પાંચ જુગારીઓ પોલીસે રંગે હાથે દબોચી લીધા હતા. પ્રાંતિજ પોલીસે રમતની દાવની રકમ-૨૨,૮૦૦ ગંજીપાના સહિત મોબાઈલ નંગ- ૫ જેની કિંમત ૧૦,૦૦૦ મળી કુલ ૩૨,૮૦૦નો મુદ્દામાલ સાથે સચિન દિલીપ ભાઈ રાઠોડ, હિતેશકુમાર માવજીભાઈ સુતરીયા, હિતેશ ગોવિદભાઈ સુતરીયા, તરૂપલ જશવંત ભાઈ સુતરીયા, પોપટગીરી માધુગીરી ગોસ્વામી તમામ રહે કબોદ્રરા તાલુકો તલોદ તથા ભરત ભીખાભાઈ પટેલ રહે. નવલપુરા તાલુકો પ્રાંતિજ પોલીસે પ્રાંતિજ પોલીસ કોન્સ્ટેબલ ભરતસિંહ પુથ્વીસિંહની ફરીયાદના આધારે ૨૦૧૮ જુગારધારા કલમ ૧૨ મુજબ ગુનો નોધી કાર્યવાહી હાથ ધરી છે.